# દિલની ઋતુ

આસમાની દિલની ઋતુ આવી ગઈ,
તારી યાદ મને ફરી બહેકાવી ગઈ...

આંખો ને હોઠોની છૂપી રમતમાં,
મનની વાતો તું છલકાવી ગઈ...

સંતાયેલા શબ્દો ને સફાળા એ સ્પર્શો,
દિલની ધડકન તું અટકાવી ગઈ...

જાણીને ઝુલ્ફોથી ઘાયલ કરતા,
મારા શ્વાસો તું મહેકાવી ગઈ...

આસમાની દિલની.....

## આ પ્રીત શું છે?

જેમાં કંઈ લીધા વગર સઘળું આપવાની ભાવના સ્ખલિત છે, તે પ્રીત છે.
કોઈના માટે આંસુમાં પણ રમતું એક સ્મિત છે, તે પ્રીત છે.

જીવનની ક્ષણેક્ષણ તેના માટે જ રચિત છે, તે પ્રીત છે.
જે જીવનનો સૌથી રોમાંચક અતીત છે, તે પ્રીત છે.

# कैसे बताऊँ

कैसे बताऊँ मैं तुझे की कीतना चाहता हुँ,
तेरी ख़ुशी में अब मैं ख़ुश हो जाता हुँ।

फांसले क्या आज़मायेंगे मेरे जज़्बात को,
कीतने भी हो दूर, तुम्हे करीब जो पाता हुँ।

मेरे अल्फ़ाज़ आँखों से छलक जाते हैं,
जब ख़याल में तेरे झीक्र को लाता हुँ।

कुछ लम्हे ज़िंदगी के ऐसे बीते तेरे साथ,
ख़्वाहिश रहती है दोहराना वो चाहता हुँ।

## એ હસીનો

એ હસીનો કત્લ તમે કરો છો,
ને ખુદકુશીનો ઇલ્જામ અમારે સર નાખો છો.

અમે તો રાખીએ છીએ એક,
ખબર નહીં તમે કેટલાં દિલ રાખો છો.

## વળગણ

મારા શ્વાસથી તારા અધરો સુધી,
મારી પાંપણથી તારા કામણ સુધી,
ખબર નહીં ક્યાં લઈ જશે આ પ્રેમ,
વ્યવહાર સુધી કે પછી વળગણ સુધી?

## શ્રમ કે શરમ

નથી બેસતી કદી એ નિરાંતે મારી પાસે,
બસ પળવાર માટે ઊભી રહે છે,

ખબર નહીં એ કેમ આટલો 'શ્રમ'
કરે છે કે પછી 'શરમ' કરે છે.

## લાગણીનું પૂર

અંતરમાં લાગણીનું ધસમસતું પૂર મહાલે,
જ્યારે કોઈ કહે તારા વગર મને નહીં ચાલે.

## ઇશારો

જતાં જતાં તે એવો ઇશારો કરતાં ગયાં,
કતલ કર્યાનો જાણે પુરાવો મૂકતાં ગયાં.

બેચેન રહીશું ફરી ન મળીએ ત્યાં સુધી,
જે મળ્યાં ને ભળ્યાં તે નયન કેમ ઝૂકતાં ગયાં.

## નજરની અરજ

પ્રેમ માગી ન લઉં એટલે તે આંખ મેળવતાં નથી.
નજરની અરજ અને ફરજને તે આમ ભેળવતાં નથી.

## વરસાદનો અનુભવ

ચોમાસે શાંત ઊભેલા ઝાડને હચમચાવી જો,
ઝરમર વરસાદનો અનુભવ કરાવી આપશે.

કોઈ વડીલના અંતરતાર ઝણઝણાવીજો,
પ્રખર અનુભવનો વરસાદ કરાવી આપશે.

## फासले

हमेशा क़रीब रहकर गुलदस्ते में फूल भी इतराते है।
फासले वो इत्र है जो महोब्बत को महेकाते है।

## અપેક્ષા

અપેક્ષાની આ કેવી તરસ,
છે આપણી અરસપરસ.

અપેક્ષા કરે શરૂ ઉપેક્ષા,
જીવન તે વિના જ સરસ.

## दिलेदिलबर

कुछ आँखों से कुछ अल्फ़ाज़ो से बयाँ होता है,
दिलेदिलबर पता नहीं कहाँ कहाँ गया होता है।

ताज्जुब इस बात का रेहता है मेरे दोस्तों,
हर उम्र में इस शेर का मायना कुछ नया होता है।

## ગ્રીષ્મના ગુલમહોર

ગ્રીષ્મના ગુલમોર ભીંજાઈ ગયા છે હવે,
ને આ મેહુલો મન મૂકીને વરસી રહ્યો છે.

ભીની યાદોનાં સમણાં સુકાઈ ગયાં છે હવે,
ને આ મેહુલો તને મળવા તરસી રહ્યો છે.

## બહેતાલા

પ્રેમની અસર પણ બહેતાલા જેવી વર્તાય છે,
તેનાથી દૂર થઈએ પછી જ સરખો દેખાય છે.

## દાંપત્યનો સાર

તારા ગુસ્સાની આરપાર હવે દેખાય તો સારું,
ને મારા અહંકારની ધાર હવે કપાય તો સારું.

તારી ખુશીના પોરાથી મારે આનંદનો વરસાદ,
દાંપત્યનો સીધો સાર હવે સમજાય તો સારું.

# મારી દુનિયા

ખુશીને પણ અસિમિત થવા જાણે દિશા મળી ગઈ છે,
બસ હું છું ને તું છે, ને આ સાંજ ધીમે ધીમે ઢળી રહી છે.

આ ચાંદો પણ લપાય છે, શું ચાંદની ખોવાઈ ગઈ છે?
કદાચ અદેખાય છે મારાથી, મને તો મારી ચાંદની મળી ગઈ છે.

ખુશનસીબ છું, આસપાસ મારી તારી સુવાસ પ્રસરી રહી છે,
મારા હર એક દુઃખને ને ગમને તે નિરાંતે ગળી રહી છે.

મારી એક તરફ ઊભી છે દુનિયા ને એક તરફ તું ઊભી છે,
શું કરુ દુનિયાનું, મારી તો દુનિયા જ તું બની ગઈ છે!!

## મા

મારા એક ડૉક્ટર મિત્રનું વજન ૧૧૦ કિલોગ્રામ થઈ ગયું હતું. વજન ઉતારવા માટે તેણે ડાયેટિંગનો સહારો લીધો હતો. થોડા દિવસ તેને ઓછું જમતાં જોઈ તેનાં મમ્મીએ એકવાર કહ્યું, “દીકરા, બરાબર જમવાનું તો રાખ, તારાં હાડકાં દેખાવા લાગ્યાં છે, દૂબળો પડી ગયો છે.”

મારો મિત્ર સફાળો ઊભો થઈ ગયો અને તાડૂક્યો, “મમ્મી, મારા શરીર પર ચરબીના થર બાઝ્યા છે અને તને ક્યાં હાડકાં દેખાય છે? મારે હવે દૂબળા થવું છે, મમ્મી.”

આ તો રમૂજની વાત થઈ, પણ દરેક મા તેના બાળકના જે તે સ્વરૂપને સ્વીકારી પ્રેમ કરતી હોય છે. દીકરાની મર્યાદાઓને સહજ સ્વીકારે અને સફળતાઓને ઉમળકાથી આવકારે એટલે મા.

આપની સાથે પણ આવું કંઈ બન્યું હશે. ડાઇનિંગ ટેબલ પર બેસી જમતાં હોઈએ અને પાણી પીવાની ઇચ્છા થાય ને ત્યાંજ મા પાણીનો ગ્લાસ લઈને આવે અથવા ભાણાનો સ્વાદ ફિક્કો લાગે ત્યાં મા અથાણાની બરણી સામે મૂકી, હળવેકથી પૂછે, “થોડું અથાણું આપું?”

એમ લાગે કે માને કંઈ કીધા વગર, મારા મનની વાત ખબર કેવી રીતે

પડી જાય છે.

પરીક્ષામાં પેપર લખતાં આપણી આંગળીઓ થાકે, પણ ઘરે પાછા ન આવીએ ત્યાં સુધી મમ્મીની શ્રદ્ધાની માળા પર ફરતી આંગળીઓ થાકતી નથી. તેના વિચારોમાં હંમેશાં બાળકોનાં જ વિકાસ, વેદના અને વમળોને પ્રાધાન્ય. પોતાની પ્રાથમિકતાઓને ક્યારેય મહત્ત્વ તે આપતી નથી. બાળકો અને પત્નીથી ઘેરાયેલા દીકરાને બે ટંક ભાણું લેતા ભાળે એટલે જાણે માનું પેટ ભરાઈ જાય.

હાથ ભલે ધ્રૂજતા હોય, પણ મા સદાય મજબૂત આશીર્વાદ આપતી હોય છે. તેના આશીર્વાદ જાણે એક અદૃશ્ય બળ અને હિંમત મને પૂરા પાડે છે. માને 'સંવેદનાની મૂર્તિ' આલેખવામાં આવી છે. આવી જ એક મૂર્તિનો હું રોજ સાક્ષાત્ અનુભવ કરું છું, જ્યારે મારી મમ્મી સાથેના અનુભવોની લાગણીઓ હૃદયથી છલકી છે ત્યારે ત્યારે એને મેં કાગળ પર કવિતાના રૂપે અંકિત કરી લીધી છે.

# મા કેમ કદીય થાકતી નથી?

મા કેમ કદીય થાકતી નથી?
મારા પહેલાં ભૂખ તેને કેમ લાગતી નથી?

કીધા વગર કેમ ખબર પડી જાય?
મારી જરૂરિયાતો તેનાથી દૂર ભાગતી નથી.

તેના વિચારોમાં મારા પ્રશ્નોને પ્રાધાન્ય,
તેની ઇચ્છાઓ કેમ ક્યારેય જાગતી નથી.

પરીક્ષામાં મારી પેન દોડે, હાંફે ને થાકે,
પણ શ્રદ્ધાની તેની માળાને બ્રેક વાગતી નથી.

દરેક વાત મારી તેને વાજબી લાગે,
કેમ મારી ભૂલ તેને ભૂલ લાગતી નથી.

મારા કણ કણથી જાણે એ વાકેફ,
મારા શબ્દોની રાહ તે જોવા માગતી નથી.

ક્રમશઃ કેટલાય સંબંધમાં બંધાયો છું,
પણ મૂળ સંબંધની વાત તે વાગોળતી નથી.

મા કેમ કદીય થાકતી નથી?

# માનું હેત

થાળમાં બધું પણ અધકચરું મારું ભાણું,
તેમાં મારી માએ હેતથી પીરસ્યું અથાણું.

ભરઉનાળે ના થાકે તેનો એકે પરમાણુ,
વાળુ કરતાં મને ભાળે એ જ તેનું નાણું.

## માના આશીર્વાદ

કંપનભર્યા સ્વરમાં પણ તે અચૂક મને સાદ આપે છે,
ધ્રૂજતા હાથે મા કેટલા મજબૂત આશીર્વાદ આપે છે.

## રોટલી

રોટલીની કોરથી ડબ્બામાં ઘી ઝર્યું લાગે છે,
ટિફિન આજે ચોક્કસ મા એ ભર્યું લાગે છે.